# ધનસુરાના રમોસ ગામે તસ્કરો ત્રાટક્યા

## દોઢ લાખથી વધુની મત્તાની ચોરી કરી પલાયન

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠાના ધનસુરા તાલુકાના રમોસ ગામે રાત્રીના સમયે તસ્કર ટોળકીએ ત્રાટકીને બે મકાનને નિશાન બનાવ્યા હતા અને રૂ. દોઢ લાખથી વધુની માલમત્તાની ચોરી કરી પલાયન થઈ જતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ ચોરી અંગે ધનસુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ધનસુરાના રમોસ ગામે રહેતા ભાવેશભાઈ કનુભાઈ પટેલના ઘરના પાછળના ભાગનો દરવાજાને મોડી રાત્રીના સમયે ધક્કો મારી ખોલી નાખ્યો હતો. અને અંદર પ્રવેશ કરી કબાટનાં ડ્રોવરમાંથી સોનાના દાગીના જેમાં મગળસૂત્ર, મગમાળા, લોકેટ, કાનબુટ્ટી, નાકની ચુનીઓ, ચાંદીના છડા, કંદોરો, ચાંદીના સિક્કા સહીતના રૂ. ૧.૬૫ લાખના દાગીના અને રોકડ રૂ. ૧૦ હજાર મળી કુલ રૂ. ૧.૭૫ લાખની મત્તાની ચોરી નજીકમાં આવેલ જીવાભાઈ ગોબરભાઈ પ્રજાપતિના મકાનના પાછળના દરવાજો તોડી પલાયન થઈ ગયા હતા. આ ચોરીના બનાવ અંગે ભાવેશભાઈ પટેલ ધનસુરા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આગામી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીના ભાજપના સમગ્ર દેશની પ્રચાર કમાનના કન્વીનર બનાવાતા સમગ્ર દેશમાં ભાજપ દ્વારા આતશબાજી અને મીઠાઈઓ વહેંચીને ઉજવણી કરવામાં આવતી હતી. જેમાં પાલનપુર ખાતે ગુરૂનાનક ચોક ખાતે બનાસકાંઠા ભાજપના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં નારાઓ લગાવીને ફટાકડા ફોડી આતશબાજી કરી હતી. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# ડીસા પંથકમાં લોકોને અકળાવતી ગરમી અને બફારો



(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૯

ડીસા પંથક તેમજ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલા દિવસોથી અસહ્ય બફારા સાથે ગરમીનો આંતક પ્રવર્તી રહ્યો છે. જેના કારણે પશુપક્ષીઓ અને માનવીઓ કાળઝાળ ગરમીમાં શેકાઈ રહ્યા છે. બપોરના સુમારે તો ઘરની બહાર નિકળવુ મુશ્કેલી બની રહ્યું છે. આકાશમાંથી વરસતા અગનગોળા અને બફારો માનવીને અકળાવે છે.

બનાસકાંઠા જિલ્લામાં બફારાનું પ્રમાણ વધી જવા પામ્યું છે. પવનના સુસવાટા વચ્ચે પણ ગરમીનો અહેસાસ ઉપરથી ગરમ લ્હાય લુ વચ્ચે ઝરતી લોઢાની જેમ તપી જાય છે. રાત્રીના સુમારે વાવાઝોડાના માહોલ વચ્ચે ક્યાંક વીજળીના ચમકારા વર્તાય છે.

# લિહોડાના -ગતિશીલ ખેડુતે ગ્રીન હાઉસમાં શક્કરટેટીની ખેતી કરી

ગાંધીનગર, તા. ૯

જિલ્લો બાગાયતી ખેતી ક્ષેત્રે અગ્રિમ સ્થાન ધરાવે છે.જિલ્લામાં હોર્ટિકલ્ચરમાં ગ્રીન હાઉસ, નેટ હાઉસ, પ્લગ નર્સરી કોલ્ડ,સ્ટોરેજ,પેક હાઉસ,ટીસ્યુ કલ્ચર લેબ અને ન્ક્રુલિંગ યુનિટ જેવી આધુનિક માળખાકીય સુવિધાઓ દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા બાગાયતી પાકોનું ઉત્પાદન કરી ખેડુતો સારી કૃષિ આવક રળી રહ્યા છે.કૃષિ મહોત્સવના સફળ આયોજન થકી ખેડુતો પરંપરાગત ખેતીને સ્થાને આધુનિક-વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા લાગ્યા છે.આવા જ એક -ગતિશીલ ખેડુત વિશે જાણકારી મેળવીએ. તાલુકો-જિલ્લો ગાંધીનગર,લિહોડા(શ્રી કેશવ ફાર્મ) ના શ્રી કેશાભાઈ શનાભાઈ પટેલે ગ્રીન હાઉસમાં શક્કરટેટીની ખેતી કરી.એમના શબ્દોમાં જોઈએ તો,સામાન્ય રીતે ગ્રીનહાઉસમાં કેપ્સિકમ,ટામેટા,જરબેરા,ડચ રોજ તથા કાકડી જેવા પાકો લેવામાં આવતા હોય છે. પરંતુ મેં માર્કેટ તથા સિઝનને ધ્યાને રાખી અને અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ શક્કરટેટી કરવાનું નક્કી કર્યુ.જે માટે આ પાકમાં ફલનીકરણ તથા ટ્રેલેસિંગ કરવું મારા માટે પડકાર સમાન હતું અને લગભગ ગુજરાતમાં સૌ -થમ વાર ગ્રીનહાઉસમાં શક્કરટેટી કરવામાં આવી છે. જે માટે મેં નામધારી સીડ કંપનીની એન એસ-૯૧૦ નામની એફ-૧ હાઈબ્રીડ જાત તા-૧૫/૦૮/૨૦૧૨ ના રોજ ગ્રીન હાઉસમાં વાવી. આમ અંદાજે ૪૦૦૦ ચો.મી.માં કુલ ૩૯૮૦ છોડની વાવણી કરી. શક્કરટેટીમાં નર તથા માદા ફુલ અલગ અલગ આવતા હોવાથી તથા ગ્રીનહાઉસમાં ફલનીકરણ માટે મધમાખી કે બીજી કોઈ જીવાતો, પવન વિગેરે પરાગરજનું વહન કરી શકે તેવી વ્યવસ્થા ન હોવાથી ફલનીકરણ કરવું એ ખુબજ જરૂરી તથા અગત્યનું હોય છે. અમોએ ગ્રીનહાઉસમાં નર તથા માદા ફુલને પારખી દરરોજ વહેલી સવારે ૬.૦૦ વાગે થી ૯.૦૦ સુધી નર ફુલની પાંખડીને તોડી બાકી રહેતા વચ્ચેના ભાગને માદા ફૂલ ઉપર પરાગરજ પડે તેવી રીતે ક્રોસિંગ કરીએ છીએ.શક્કરટેટીના દરેક વેલાને દોરી વડે ઉભા રહે તેવી રીતે બાંધવામાં આવે છે. સફળતાપૂર્વક થયેલ ક્રોસિંગ બાદ માદા ફુલ ચિમળાઈ જઈને તેનો વિકાસ ચાલુ થાય છે. દરેક શક્કરટેટીને જાળીવાળી પ્લાસ્ટિક નેટમાં પરોવી તેનું સંપૂર્ણ વજન અલગ બાંધેલ દોરી પર રહે તે રીતે લટકાવવામાં આવે છે.


આમ કરવાથી એક એકર વિસ્તારમાં ટ્રેલીસીંગ હોવાથી છોડની સંખ્યા વધારે આવે છે. તથા ફલનીકરણ કરવામાં પણ સરળ રહે છે,ફળ લટકાવેલ હોવાથી તેની ક્વૉલિટી ઘણી સારી જળવાય છે.

# હરસોલ ગાંભોઈ રોડ ઉપર શમપુરા કંપાના સ્ટેન્ડ પાસે અમુલ છાશનો ટેમ્પો ઊંધો વળ્યો

તાજપુર કેમ્પ, તા. ૯

આજરોજ વહેલી સવારે સાબર ડેરીથી નીકળેલ છાશ અને દૂધનાં પાઉચ ભરેલો ટેમ્પો સવારના આશરે પાંચ વાગ્યાના સમયે હરસોલ ગાંભોઈ રોડ ઉપર આવેલ દાદરડા પાસે રામપુરા કંપના સ્ટેન્ડ ઉપર ટેમ્પાના આગળના ટાયરમાં એકાએક હવાનો ભડાકો થતાં ટેમ્પાનું આગલું ટાયર ફાટી જતાં ડ્રાઈવરનો ટેમ્પો ઉપરનો કાબુ રહ્યો ન હતો અને ઝાડ સાથે ટેમ્પો ટકરાઈ ગયો હતો. ટેમ્પોના આગળના કાચના ટૂકડેટૂકડા થઈ ગયા હતા અને આગળના ભાગે નુકસાન પણ થયું હતું. ટેમ્પો ઝાડ સાથે અથડાતાં ધડાકાનો મોટો અવાજ થયો હતો જેના કારણે આસપાસના લોકો ત્યાં દોડી આવ્યા હતા. કેટલાક લોકો તો છાશ અને દૂધનાં પાઉચ પણ ઊઠાવી ગયા હતા. ટેમ્પોના ડ્રાઈવર નરસિંહભાઈ ધુળાભાઈ પરમાર (રહે. રામપુરા, ખમોદરા)ને ઈજાઓ પહોંચતાં તેમને હિંમતનગર ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. ટેમ્પોના માલિક મનોજકુમાર બાબુલાલ પટેલ (રહે. ગુંદીયા) તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ ટેમ્પો દરરોજ સાબર ડેરીથી રોઝડ, વડાગામ, ધનસુરા વગેરે જગ્યાએ છાશ પહોંચાડવા જાય છે.

# ડીસા શહેરમાં સફાઈ કરવામાં તંત્ર લાપરવાહ



(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

## પ્રિ-મોન્સુનની સફાઈ કામગીરીના અભાવે ઠેર ઠેર કચરાના ઢગ અને ઉભરાતી ગટરો : રોગચાળાનો ભય

ડીસા, તા.૯

ડીસા શહેરમાં પ્રિમોન્સુન પ્લાન અંતર્ગત ડીસા નગરપાલિકા દ્વારા હજુ સુધી કોઈ કાર્યવાહી હાથ ધરેલ નથી. શહેરમાં ઠેર ઠેર ગંદકી અને ઉભરાતી ગટરો વચ્ચે અનેક વિસ્તારો ગંદકીમાં ગરકાવ બન્યા છે પરંતુ હજુ સુધી આ મામલે કોઈ કાર્યવાહી કરાયેલ નથી.

ડીસા શહેર અને જિલ્લામાં છેલ્લા એક અઠવાડીયાથી વરસાદની આગાહીઓ થઈ રહી છે. કેટલાક વિસ્તારમાં છુટા છવાયા વરસાદી ઝાપટા પડી ચુકયા છે છતાં નગરપાલિકા તંત્ર હજુ ભરનિંદ્રામાં પોઢી રહ્યું હોય તેમ જણાઈ રહ્યું છે. પ્રિમોન્સુનના ભાગ રૂપે પાલિકાએ વરસાદ પહેલા સફાઈ કરવાની હોય છે અને ભરાયેલ નાળા અને ગંદકી હટાવવાની હોય છે. પરંતુ નગરપાલિકા તંત્ર દ્વારા આ મામલે હજુ સુધી કોઈ કાર્યવાહી કરાઈ નથી અને અનેક ગટરો ગંદા પાણીથી ઉભરાઈ રહી છે. મોટી ગટરો પણ કચરાને કારણે ચોક અપ થઈ ગઈ છે. વરસાદ આવતાં જ આ ગંદા પાણીનો ભરાવો આસપાસના વિસ્તારોમાં થઈ જાય તેમ છે. ડીસા શહેરમાં પાલીકાની બોડી બદલાઈ છે ત્યારે વરસાદ પહેલા પાલિકા ગટરોની સફાઈ કાર્ય હાથ ધરે તેવી લોકમાંગ પ્રવર્તી રહી છે. અત્યારે ગટરોમાં કચરાના ભરાવાને કારણે ઠેર ઠેર દુર્ગંધ મારી રહી છે અને રોગચાળાનો ખતરો તોળાઈ રહ્યો છે.

## ૨૩૫.૪૯ લાખના ખર્ચે તૈયાર થયેલ

# ખેડૂત તાલીમ કેન્દ્રનું લોકાર્પણ



પાટણ, તા. ૮

પાટણ ખાતે પાટણ જિલ્લાના ખેડૂતોને નવી ટેકનોલોજીની જાણકારી મળી રહે તે માટે શરુ કરાયેલ ખેડૂત તાલીમ કેન્દ્રનું રૂ. ૨૩૫.૪૯ લાખના ખર્ચે તૈયાર થયેલ નવીન મકાનનું લોકાર્પણ કરતાં રાજયના કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધન, પાણી પુરવઠા અને જળસંપત્તિ(કલ્પસર સિવાય) વિભાગના મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ ઉપસ્થિત ખેડૂતોને જણાવ્યું હતું કે, ખેડૂત જગતનો તાત છે. દેશ અને રાજયને સમૃધ્ધ બનાવવું હશે તો ગામડાઓને સમૃધ્ધ બનાવવા પડશે. ખેડૂત સમૃધ્ધ બનશે તો ગામડાઓ સમૃધ્ધ બનશે.

વધુમાં મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યું હતું કે, છેલ્લા બાર વર્ષથી રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોને સમૃધ્ધ બનાવવા ભગીરથ -યાસો કર્યા છે. રાજય સરકારે આ વર્ષે ૬૦ હજાર કરોડના બજેટમાં ૧૬,૭૦૦ કરોડની રકમ ખેડૂતો માટે ફાળવવામાં આવી છે. આમ બજેટની ૨૫ ટકા રકમ ખેડૂતોના વિકાસ માટે ફાળવવામાં આવી છે. ખેડૂતોને સમૃધ્ધ બનાવવા પાણી, વીજળી અને ખેતીનું ઉત્તમ જ્ઞાન જરૂરી છે. ગુજરાત રાજયમાં ગામડાઓમાં ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે. જેનાથી ગામડાઓમાં નાના ઉદ્યોગો ચાલી શકે છે. જેનાથી શહેર તરફનું -યાણ ઘટતું જાય છે. શહેરની જેમ તમામ સુવિધાઓ ગામડાઓમાં પુરી પાડવામાં આવી રહી છે. ખેડૂતોની આવકમાં વધારો થયો છે.

મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ રાજય સરકાર દ્વારા કરવામાં આવતી જળસંચયની કામગીરીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટે ચેકડેમ, ખેત તલાવડી, ગામ તળાવો ઉંડા કરવાના અનેક કામો કર્યા છે. રાજયમાં છેલ્લા બાર વર્ષમાં ૨૦ લાખ હેકટર વાવેતર વિસ્તાર વધ્યો છે. ખેડૂત તાલીમ કેન્દ્રમાં ખેડૂતોને અદ્યતન તાલીમ આપવામાં આવશે જેનાથી ખેતી અને પશુપાલનમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાશે.

આ -સંગે રાજયકક્ષાના પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધન, સમાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ વિભાગ અને પાટણ જિલ્લાના -ભારી મંત્રીશ્રી લીલાધરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, રાજય સરકારે કૃષિના વિકાસ માટે ઝડપથી કામગીરી કરી છે. કૃષિ યુનિવર્સિટીઓના તજજ્ઞો દ્વારા થયેલ સંશોધનો ખેડૂતો સુધી પહોંચે અને તેનો અમલ ખેડૂતો ખેતરોમાં કરે તે માટે દર વર્ષે કૃષિ મેળાનું આયોજન કરવામાં આવે છે. ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા ખેડૂતોને આધુનિક ખેતી કરવા તાલીમ આપવામાં આવે છે.

મંત્રીશ્રી લીલાધરભાઈ વાઘેલાએ ખેડૂત તાલીમ કેન્દ્રમાં તાલીમ મેળવી ચીલાચાલુ ખેતીમાંથી બહાર નીકળી આધુનિક ખેતી કરી વધુ ઉત્પાદન અને વધુ વળતર મેળવવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો. રાજય સરકાર દ્વારા મહિલા ખેડૂતોને પણ વિનામુલ્યે તાલીમ આપવામાં આવે છે, જેનો ભરપુર ઉપયોગ કરવા મહિલા ખેડૂતોને જણાવ્યું હતું. દરેક ખેડૂત એક દેશી ગાયનું જતન કરી સજીવ ખેતી કરે તેવો અનુરોધ કર્યો હતો.

આ -સંગે રાજયકક્ષાના ગૃહ, પોલીસ આવાસો, સરહદી સુરક્ષા, સંરક્ષણ, જેલ, નશાબંધી આબકારી અને પાટણ જિલ્લાના સહ-ભારી મંત્રીશ્રી રજનીકાન્તભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોની યોગ્ય રીતે -ગતિ થાય તેની ખેવના રાખી છે. ખેતી પોષણક્ષમ બને અને ગામડાઓમાં આરોગ્ય, પાકા રોડ, વીજળી જેવી સુવિધાઓ પુરી પાડી ગામડા તુટતાં બચાવ્યા છે. આ તાલીમ કેન્દ્રમાં તાલીમ મેળવી ખેડૂતો પોતાના ખેતરમાં આધુનિક ઢબથી ખેતી કરશે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન